જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૭/૨૦૧૮ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૪૨૭/૧૮

જી.આઇ.ડી.સી. વટવા પોલીસ સ્ટેશન :

**પ્રોહી બુટલેગરને પાસા હેઠળ પકડતી જીઆઇડીસી વટવા પોલીસ**

મે.પોલીસ કમિશ્નર સા શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સા શ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર સા શ્રી ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલાં લેવાં કરેલ હુકમ અનુસંધાને પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી ડી.આર.ગોહિલ નાઓએ **કંકુબેન તે રાજુભાઈ ચૌહાણની વિધવા ઉ.વ-૫૨ રહે,ડ્રાઈવરની ચાલી હનુમાનનગરનો ટેકરો જશોદાનગર અમદાવાદ શહેર** નાની "જાહેરવ્યવસ્થા" વિરુધ્ધના કૃત્યો કરતી હોય જેની વિરુધ્ધ જીઆઈડીસી વટવા પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં ૫૩૩૭/૧૭ ધી પ્રોહી કલમ ૬૫(એ)(એ) તથા જીઆઈડીસી વટવા પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં ૫૧૨૩/૧૮ ધી પ્રોહી કલમ ૬૫(એ)(એ) તથા જીઆઈડીસી વટવા પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં ૫૧૬૫/૧૮ ધી પ્રોહી કલમ ૬૬(બી),૬૫(ઈ),૮૧ મુજબનો ગુનો દાખલ થયેલ હોય.સદરી આરોપણબેન વિરુધ્ધ પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસાહુકમ નંબર- ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૫૮/૧૮ તા:૨૬/૦૭/૨૦૧૮ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીની સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તથા અહેકો રણજીતસિંહ મફતસિંહ તથા એલ.આર હરદીપસિંહ ભુપતસિંહ નાઓ વોચ કરતા મળી આવતા પકડી લઈ તા:૨૬/૦૭/૧૮ ના રોજ પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

**ઓઢવ પોલીસ સ્ટેશન :**

## જુગાર રમતા જુગારીયોને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન ઓઢવ પોલીસ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા.તથા મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સા.તથા મે.મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન અમદાવાદ શહેર.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો આર.જી.જાડેજા.પોલીસ ઈન્સપેક્ટર.ઓઢવ પો સ્ટેશન.નાઓ દારૂ-જુગાર ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વે પો.સ.ઈ.એ.ડી.ભટ્ટ.તથા હે.કો દીલીપસિંહ કીશોરસિંહ બ.નં ૭૫૮૯ તથા પો.કો સંજયસિંહ ગણપતસિંહ બનં-૩૬૪૭ તથા પો.કો અજીતભાઈ ભીખાભાઈ બનં-૪૨૯૪ તથા લો.ર રાજુભાઈ રાહાભાઈ બનં-૧૦૫૮ તથા લો.ર કનુભાઈ પાતાભાઈ બનં-૧૨૩૪૦ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન લો.ર રાજુભાઈ રાહાભાઈ બનં-૧૦૫૮ બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) નિરજકુમાર માલીક જાતે કેવટ ઉ.વ ૧૯ રહે,નીવિસ વિજય શો મીલના કારખાનામાં રીંગરોડ સર્કલ પેટ્રોલ પંપ પાસે ઓઢવ અમદાવાદ શહેર મુળવતન ગામ-ખમ્હરીયા તા-હમીરપુરા થાના-ખન્ના ઉતરપ્રદેશ તથા (૨) નારાયણભાઈ કિષ્નામુર્તી જાતે ગૌડ ઉ.વ ૩૯ રહે,લક્ષ્મીનારાયણ શો મીલના કારખાનમાં રીંગરોડ સર્કલ પેટ્રોલ પંપ પાસે ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન ગામ-સાંપેટા તા-પલાસા જી-શીકાકલમ આંન્ધ્રપ્રદેશ (૩) મનીષભાઈ રાજેન્દ્રભાઈ જાતે જયસ્વાલ ઉ.વ૨૦ રહે, મનં-૭૩ હરીઓમ પાર્ક સોસાયટી રીંગરોડ ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન ગામ-રાજરૂપપુર તા-કોસામ્બી જી-અલ્હાબાદ યુ.પી. (૪) કલાભાઈ ત્રીકમભાઈ જાતે ઠાકોર ઉવ.૩૯ રહે, મનં-૧૩૯ હરીઓમ પાર્ક સોસાયટી રીંગરોડ ઓઢવ અમદાવાદ શહેર ઓઢવ અમદાવાદ શહેર મુળવતન ઠાકોર વાસ રાધનપુર પાટણ.(૫) વિનોદભાઈ ભાવસિંગભાઈ જાતે ઠાકોર ઉવ.૨૭ રહે,મનં-૧૩૯ હરીઓમ પાર્ક સોસાયટી રીંગરોડ ઓઢવ અમદાવાદ શહેર ઓઢવ અમદાવાદ શહેર મુળવતન મનં-૯૬ રેલ્વે કોલોની રાધનપુર જી-પાટણ (૬) મુરલી બલરામ જાતે ગૌડ ઉવ. ૩૦ રહે, લક્ષ્મીનારાયણ શો મીલના કારખાનમાં રીંગરોડ સર્કલ પેટ્રોલ પંપ પાસે ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન ગામ-સાંપેટા તા-પલાસા જી-શીકાકલમ આંન્ધ્રપ્રદેશ નાઓ ૨૬/૦૭/૨૦૧૮ ના રાત ક. ૦૧/૩૦ વાગે "ઓઢવ નીવિસ વિજય શો મીલની બાજુમાં કારખાના પાસે ખુલ્લી જગ્યામાં જાહેરમાં ગોળકુંડાળુ વળી પૈસાપાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા રૂ. ૬,૭૧૦/- તથા દાવાના નાણા રૂ. ૩,૪૭૦/- તથા મોબાઈલ નંગ-૬ ની કિ.રૂ. ૨૯,૭૦૦/- મળી કુલ્લે રૂ.૩૯,૮૮૦/- તથા ગંજી પાના નગ ૫૨ કીમત રૂ.૦૦/૦૦ સાથે મળી આવી પકડાઈ ગયેલ હોય તેઓ વિરુદ્ધ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસર ગુનો દાખલ કરવામાં આવેલ છે જે ગુનાની તપાસ હાલ ચાલુમાં છે:

**વટવા પોલીસ સ્ટેશન :**

## જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમીશ્નરશ્રી એ.કે.સિંઘ સાહેબનાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેકટર-૨ શ્રી અશોક કુમાર યાદવ સાહેબ તથા નાયબ પો.કમી.ઝોન ૬ શ્રી રાજન સુશ્રા સાહેબ તથા મ.પો.કમી."જે" ડીવીઝન શ્રી વી.એમ.જાડેજા સાહેબનાઓની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ આજરોજ તા.૧૧/૦૭/૨૦૧૮ ના રોજ વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહી/જુગારના કેસો શોધવા માટે સર્વેલંસ પો.સ.ઇ. એસ.પી.ગોહિલ તથા સર્વેલંસ સ્કોડના માણસોને આપેલ સુચના મુજબ ચોક્કસ બાતમીના આધારે "વટવા મોટા ઠાકોરવાસની અંદર મનુભાઇ ઠાકોર નામના માણસના ઘરની પાસે ખુલ્લામા જન્ના મન્નાનો પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમાડતા (૧) ભરતભાઇ મુળજીભાઇ પટેલ ઉ.વ.૫૬ રહે એ/૩૩ ઘનશ્યામ વિજય સોસાયટી, નવાપુરા મેદાન પાસે, વટવા, અ'વાદ શહેર (૨) સુરેશભાઇ શાંતિલાલ કંસારા ઉ.વ.૫૮ રહે-એ/૨૩ રણોદક સોસાયટી, મદ્રાસી મંદીર પાછળ, નવાપુરા મેદાન પાસે, વટવા અ;વાદ શહેર (૩) રિતેપભાઇ પુંજાભાઇ પટેલ ઉ.વ.૪૦ રહે-મ.નં.૨૪ ડાકોરનાથ સોસાયટી, ચર્ચની ગલીમા, વટવા અમદાવાદ શહેર (૪) મનહરભાઇ વિઠ્ઠલભાઇ પટેલ ઉ.વ.૫૯ રહે-એ/૧૬ ઘનશ્યામ વિજય સોસાયટી,વટવા, અ'વાદ શહેર (૫) પ્રતિક પ્રમોદભાઇ પટેલ ઉ.વ.૩૨ રહે-મ.નં.૨૮ ડાકોરનાથ સોસાયટી, ચર્ચની ગલીમા,,વટવા અમદાવાદ શહેર (૬)દિપકભાઇ ગોવિંદભાઇ અસારસા ઉ.વ.૩૭ રહે- એ/૧૦૮ આસોપાલવ સોસાયટી, વટવા, અ'વાદ શહેર (૭)સંદીપભાઇ રમણભાઇ વાળંદ ઉ.વ.૩૭ રહે- મ.નં.૮ પટેલવાસ,બુટભવાની મંદીર પાસે, દેરીયાપરા વટવા અમદાવાદ શહેર.(૮)નરેન્દ્રભાઇ બેચરભાઇ પટેલ ઉ.વ.૫૩ રહે-મ.નં.૨૧ ડાકોરનાથ સોસાયટી, સર્ચની પાછળ,વટવા, અમદાવાદ શહેર(૯) હિતેન્દ્ર હરીભાઇ પઢારીયા ઉ.વ.૪૯ રહે-મ.નં.૫૭ મંગલમુર્તિ સોસાયટી, નવાપુરા મેદાન પાસે, વટવા અ'વાદ શહેર નાઓને આજરોજ તા:૨૫/૦૭/૨૦૧૮ ના કલાક ૨૩/૪૫ વાગે કુલ્લે રોકડા રૂ.૪૦,૭૯૦/- તથા ગંજી પાના નંગ ૫૨ તથા છ અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન કિ.રૂ. ૨૦,૨૦૦/- તથા ત્રણ વાહનોની કિં.રૂ.૭૦,૦૦૦/-ગણી કુલ્લે રૂ.૧,૩૦,૯૯૦/- નો મુદ્દામાલ કબ્જે લઇ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે.તા-૨૫/૦૭/૨૦૧૮

**વટવા પોલીસ સ્ટેશન :**

## શરીર સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓની સુચના આધારે તથા ઇન્ચાર્જ સેક્ટર-૨ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૬ સાહેબ તથા મ.પો.કમી.શ્રી 'જે' ડીવીઝન અમદાવાદના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એચ.વી.સીસારા તથા પો.સ.ઈ વી.એમ.સાટીયા તથા સાથેના પોલીસના માણસો સાથે વટવા પો.સ્ટે. દાખલ થયેલ (૧) ફર્સ્ટ ગુરનં. ૧૮/૧૭ ધી ઈપીકો કલમ- ૩૬૫, ૩૨૪, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ તથા જી.પી. એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ તથા (૨) ફર્સ્ટ ગુરનં. ૭૬/૧૮ ઈપીકો કલમ- ૩૨૫, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા GP Act ૧૩૫(૧) મુજબ શરીર સબંધી ગુનામાં આરોપી વિરુધ્ધ પાસા ઓર્ડર થયેલ જે આરોપી નામે શરીફ ગુમાનસિંગ રાઠોડ ઉં.વ.૨૬, રહે- મ.નં.૧, મહેજબીન પાર્ક, જીયા મસ્જીદ સૈયદવાડીની પાછળ, વટવા, અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાક:પીસીબી/ડીટીએન/પાસા/૬૪૫/૧૮ તા.૨૪/૦૭/૧૮ ના રોજ પાસા હુકમ થયેલ હોય જે આરોપીને તા.૨૬/૦૭/૨૦૧૮ ના કલાક ૨૧/૪૦ વાગે પકડી અટક કરી પાસા હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**અમરાઇવાડી પોલીસ સ્ટેશન :**

## પ્રોહિબીશનના ગુનામાં પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/૬૫૭/૨૦૧૮ તા.૨૬.૦૭.૨૦૧૮ ના પાસા અટકાયતી સીકંદર લાલાભાઇ મારવાડી ઉ.વ.૨૬ રહેવાસી ચાચાનગરની ચાલી સ્વસ્તિક ચાર રસ્તા અમરાઇવાડી અમદાવાદ શહેરના વિરૂધ્ધ અમદાવાદ શહેર ના અમરાઇવાડી પો.સ્ટે (૧) પ્રોહિ ગુ.ર.નં.૫૧૬૯/૧૮ (૨) પ્રોહિ ગુ.ર.નં.૫૩૨૪/૧૭ (૩) પ્રોહિ ગુ.ર.નં.૫૧૭૬/૧૮ મુજબનો દાખલ થયેલ પ્રોહિબીશન ગુનામાં આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ **મધ્યસ્થ જેલ રાજકોટ** ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"શાહીબાગ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "શાહીબાગ" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.












નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.